અપીલઅરજી નં.૫૭ તા.૨–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભુતવાલા હિતેન્દ્ર કંચનલાલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુતવાલા હિતેન્દ્ર કંચનલાલની તા.૧–૪–૧૧ની અરજીથી ટેના.નં.૦૬બી–૦૧–૦૫૨૧–૦–૦૦૧ મહિધરપુરા, જદાખાડી,મોતીબાગની સામે સુરતમાં ૧૯૬૦ થી ૧૯૮૦ સુધી શેનો ધંધો ચાલતો હતો તેની માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૨–૫–૧૧ ની SMC/FAP/ નં.૫૭/૨૦૧૧–૧૨

શ્રી ભુતવાલા હિતેન્દ્ર કંચનલાલની તા.૧–૪–૧૧ ની અરજીથી ટેના.નં.૦૬બી–૦૧–૦૫૨૧–૦–૦૦૧ મહિધરપુરા,જદાખાડી ,મોતીબાગની સામે સુરતમાં ૧૯૬૦ થી ૧૯૮૦ સુધી શેનો ધંધો ચાલતો હતો તેની માહિતિ આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી (સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં.સી.ઝેડ/ એસ.એન્ડ ઈ/ આ.૨૮ તા.૨૮–૪–૧૧ થી આપેલ માહિતિ સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વધુમાં માત્ર ટેનામેન્ટ નંબર આધારે સંસ્થા કે ધંધાના નામની અનુપસ્થિતિમાં માંગેલ માહિતિ કયા દફતરી સંદર્ભે આપી શકાય તે પણ સંદર્ભ સહ જણાવવા તથા શોપ નોંધણીની જોગવાઈ આ અંગે શું છે? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૯ તા.૧૧–૫–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જણાવેલ માહિતિ માંગણી પુર્ણ રીતે સ્પષ્ટ નથી. અપીલ અન્વયે નિર્દિષ્ટ સમયગાળા દરમ્યાન મિલ્કતમાં ધંધો ચાલતો હોવાના કોઈ આધાર તેમની કક્ષાએ હોય તો રજુ કરવા તથા સંસ્થા કે ધંધાના નામ વિના માત્ર ટેના. નંબર પરથી માંગેલ માહિતિ આપી શકાય કે કેમ? કયા દફતર આધારે તે પણ જણાવવા સાથે મુળ માહિતી માંગણી અરજીની નકલ પણ મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧–૪–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૨૮ તા.૨૮–૪–૧૧ થી " સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં રેકર્ડ ઉપર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી" તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨–૫–૧૧ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવ સંતોષ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે માહિતી ઉપલબ્ધ ન હોય શકે તેવી દલીલ માનવા પાત્ર નથી તેથી જવાબથી સંતોષ નથી તેવું જણાવેલ છે. વધુમાં વોર્ડનં.૬ નોંધ નં.૧૩૫૯ ટેના નં.૦૬બી–૦૧–૦૫૨૧–૦–૦૦૧ વાળી મિલ્કતની વિગત જણાવેલ છે પરંતુ કોઈ સંસ્થા , વ્યવસાય કે ધંધાનું નામ અને માલિકીનું નામ કે ફર્મ કે ભાગીદારી પેઢી કેવા પ્રકારની સંસ્થા છે તેવી કોઈ વિગતો પણ જણાવેલ નથી. તેમજ અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી ૩૦ થી ૫૦ વર્ષ જુની હોય સંપૂર્ણ વિગતો અંગે અપીલ તબકકે અરજદારનેઅપીલ અરજીમાં જણાવેલ માહિતિ માંગણી પુર્ણ રીતે સ્પષ્ટ નથી. અપીલ અન્વયે નિર્દિષ્ટ સમયગાળા દરમ્યાન મિલ્કતમાં ધંધો ચાલતો હોવાના કોઈ આધાર તેમની કક્ષાએ હોય તો રજુ કરવા તથા સંસ્થા કે ધંધાના નામ વિના માત્ર ટેના. નંબર પરથી માંગેલ માહિતિ આપી શકાય કે કેમ? કયા દફતર આધારે તે પણ જણાવવા. અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં પૂરક વિગતો રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી ધંધાકીય નોંધણી અંગેના ગુમાસ્તા દુકાન અને સંસ્થાઓ કચેરીના રેકર્ડ ચકાસણી કરી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી દફતરી ઉપલબ્ધ માહિતી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં રેકર્ડ ઉપર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૪–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો ગુમાસ્તા નોંધણી રજીસ્ટરોનું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે. અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(જે.એમ. પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભુતવાલા હિતેન્દ્ર કંચનલાલ